સમરી નં. ૧૩૩૪/૨૦૨૩

રાણીપ પો.સ્ટે. ગુ.રજી.નં. ૧૧૧૯૧૦૦૨૨૩૦૧૨૫/૨૦૨૩, ઈ.પી.કોડની કલમ–૩૭૯, ૧૧૪ મુજબના કામે રજુ કરવામાં આવેલ વર્ગ '' અ '' પડત સમરી લગત હુકમ :–

ઉપરોકત ગુનાના કામે રજુ કરવામાં આવેલ વર્ગ '' અ '' પડત સમરી વંચાણે લીધી, સાથે રજુ મદદનીશ પોલીસ કમીશ્નરશ્રી, **એલ** ડીવીઝન, અમદાવાદનો પત્ર તથા રજુ પેપર્સ વંચાણે લીધા. રજુ પેપર્સ વંચાણે લેતા, સમરીના કાગળો પોલીસ ઈન્સ્પેકટરશ્રી ધ્વારા તૈયાર કરવામાં આવેલ છે, જેના ઉપર **રાણીપ** પો.સ્ટે.ના પો. ઈન્સ્પે.શ્રીની સહી છે. તેમજ સદર '' અ '' પડત સમરી મદદનીશ પોલીસ કમીશ્નરશ્રી, **એલ** ડીવીઝન, અમદાવાદના પત્ર ધ્વારા રજુ કરવામાં આવેલ છે. રજુ પેપર્સ ધ્યાને લેતાં તેમાં આરોપી નમુદ નથી તથા તપાસ દરમિયાન મળી આવતા નથી તેમ જણાવવામાં આવેલ છે. તપાસમાં શકમંદ ઈસમ/ઈસમોને તપાસવામાં આવેલા છે, તેમજ અન્ય બીજી તપાસ પણ કરવામાં આવેલ છે તેમ જણાઈ આવે છે. તેમ છતાં હાલનો ગુનો આચરનાર આરોપી/આરોપીઓ મળી આવતો નથી કે ભવિષ્યમાં ટુંકા સમયમાં મળી આવે તેમ નથી. જેથી ઉપરોકત તમામ હકીકતો અને સંજોગો ધ્યાને લેઈ વધુ તપાસ ચાલુ રાખવાની શરતે વર્ગ '' અ '' પડત સમરી ન્યાયના હિતમાં મંજુર કરવામાં આવે છે. હુકમ મુજબ યાદી કરવી.

હુકમ આજરોજ તા.૦૯/૧૨/૨૦૨૩ ના રોજ યોજવામાં આવેલ લોકઅદાલત/ સ્પેશયલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં જાહેર કરવામાં આવેલ છે.

તા. ૦૯/૧૨/૨૦૨૩
સ્થળ:–અમદાવાદ.

(પરેશગીરી નટવરગર ગોસ્વામી)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૨૧, અમદાવાદ.
UNIQUE CODE GJ-01037